# બનાસકાંઠામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી : ડીસામાં બે કલાકમાં સાડા ત્રણ ઈંચ વરસાદ





ડીસા, તા. ૧૩

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં મેઘરાજાના આગમન બાદ બુધવારે સાંજે સાડા પાંચ વાગ્યાના સુમારે બનાસકાંઠા જિલ્લામાં ધમાકેદાર એન્ટ્રી કરીને અનેક વિસ્તારો જળબંબાકાર કરી દીધા હતા. ડીસા શહેરમાં બે કલાકની અંદર સાડા ત્રણ ઈંચ વરસાદ ખાબકતા શહેરમાં ઘુંટણ સમા પાણી ભરાતા મોડી સાંજે અફડા તફડીનો માહોલ સર્જાયો હતો અને શહેરમાં અનેક સ્થળોએ નાના-મોટા વાહન પલટવાના બનાવ બન્યા હતા.

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ચાર પાંચ દિવસથી આકાશમાં કાળા ડીબાંગ વાદળ છવાયા હતા અને કેટલાક વિસ્તારોમાં છુટા છવાયા ઝાપટાં પડતા જિલ્લામાં શીતળતા પ્રસરી જવા પામી હતી ત્યારે બુધવારના રોજ સાંજના સુમારે કાળા ડીબાંગ અને ભુખરા રંગના વાદળ સાથે છવાયા હતા અને સાંજે પાંચેક વાગ્યાના સુમારે તેજ રફતાર સાથે વરસાદનું આગમન પણ થોડી ક્ષણોમાં તો માર્ગો પણ પાણી વહેવા લાગ્યું હતું. એકાએક વરસાદની એન્ટ્રી થતા લોકોમાં દોડધામ મચી હતી. વરસાદની સાથે અંધારૂ થઈ જતા વેપારીઓને ઘરે નીકળવુ પણ મુશ્કેલ બન્યું હતું અને વાહનચાલકોને લાઈટો ચાલુ કરવી પડી હતી જ્યારે નાના ટાબરીયાઓએ મોસમના પહેલા વરસાદમાં પલળવાનો આનંદ માણી ધીંગામસ્તી કરી હતી. બાઈક સવારોએ પણ વરસાદમાં પલળતા પલળતા સવારી કરી અનેરો આનંદ માણ્યો હતો. ડીસા શહેરના નીચાણવાળા વિસ્તારોમાં ઘુટણ સમા પાણી ભરાયા હતા. મોડી રાત સુધી ઝરમમર ઝરમર વરસાદ શરૂ રહેતા વાતાવરણ ખુશનુમા બની રહ્યું હતું.

### ક્યાં કેટલો વરસાદ

પાલનપુર-૧ મી.મી., ડીસા-૭૬ મી.મી., કાંકરેજ-૧૦ મી.મી., અમીરગઢ-૫૧ મી.મી., દિયોદર-૫૨ મી.મી., ભાભર-૭૫ મી.મી., વાવ-૧ મી.મી., ધાનેરા-૫૪ મી.મી., દાંતિવાડા-૩૮ મી.મી.

## જૂના ડીસા વીડીની સગીર યુવતીનું અપહરણ કરનાર યુવાન ઝડપાયો



ડીસા, તા.૧૩

ડીસા તાલુકાના જુના ડીસા વીડીની સગીર યુવતિનું અપહરણ કરનાર જોરાપુરા ગામના યુવકને પોલીસે આબુરોડથી ઝડપી લઈ જેલના સળીયા પાછળ ધકેલી દીધો છે. ડીસા તાલુકાના જુનાડીસા (વીડી) ગામની યુવતિને તેના પાડોશમાં રહેતા મુકેશ કપુરજી માળી (રહે. જોરાપુર તા. ડીસા) નામનો યુવક બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી ગયો હતો. આ બાબતે યુવતના પિતાએ કેસ માળી વિરુદ્ધ ડીસા શહેર પોલીસ મથકમાં અપહરણ ગુનો ડીસા રૂરલ પોલીસ મથકે નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મુકેશ માળી યુવતિ સાથે આબુરોડ હોવાની માહિતી મળતાં ડીસા રૂરલ પોલિસ મથકના પીએસઆઈ ભદોરીયા સહિતની ટીમ આબુરોડ પહોંચી તપાસ હાથ ધરતાં એક ગેસ્ટહાઉસ પાસે મુકેશ માળી તેમજ યુવતિ નજરે પડતાં તેમને તાત્કાલિક ઝડપી લીધા હતાં ડીસા ખાતે લવાયા હતી. આ બાબતે હેમતાજી રત્નાજી માળી (રહે. વીડી જુના ડીસા)ની ફરિયાદના આધારે પોલીસે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ભિલોડા આર. જી. બારોટ બી.એડ્.કોલેજનું ગૌરવ

ભિલોડા, તા.૧૩

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ બી.એડ્.કોલેજની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.પાટણ ધ્વારા લેવાયેલ પરીક્ષાનું મે-૨૦૧૩ નું ૧૦૦ ટકા પરીણામ આવેલ છે.કોલેજના તાલિમાર્થી પટેલ મેઘાબેન મહેશભાઈ પ્રથમ ક્રમે,પંડ્યા ભાવનાબેન મોતીભાઈ દ્વિતીય ક્રમે,તરાર બાબુભાઈ ચુનીલાલ તૃતીય ક્રમે સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધારેલ છે.સંસ્થાના મંત્રી કિર્તીભાઈ બારોટ,સહમંત્રી નયનાબેન બારોટ,આચાર્ય અમિતભાઈ ભટ્ટ,શૈક્ષણિક બિન-શૈક્ષણિક સ્ટાફગણે સર્વે તાલિમાર્થીઓને શુભેચ્છા સહ ભવિષ્ય સફળતામય બને તેવા અભિનંદન પાઠવ્યા હતા.

## રામપુરામાંથી દોઢ લાખની પાઈપો ચોરાઈ

તલોદ, તા. ૧૩

તલોદ તાલુકાના રામપુરા કંપા ગામની સીમમાં બોરકુવા ઉપરથી કેટલાક શખ્સો ઈરીગેશન ડ્રીપ પાઈપના કુલ ૨૫ બંડલોનો જથ્થો ઉઠાવી ગયા હતા. આ પાઈપની મુળ કિંમત રૂ. ૧.૫૦ લાખ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ આ મામલે ગુનો નોંધી અપરાધીઓની શોધખોળ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર રામપુરા ગામના ખેડૂત રમેશભાઈ અરજણભાઈ પટેલના ખેતરમાં આવેલ બોરકુવા ઉપર ઈરિગેશન ડ્રીપ પદ્ધતિથી ખેતીની સિંચાઈ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતી પાઈપના ૨૫ બંડલનો જથ્થો મુકી રાખ્યો હતો. જે જથ્થો રવિવારની રાત્રિએ તસ્કર ટોળકીના શિકારનું કેન્દ્ર બન્યો હતો. સોમવારે સવારે ઘટનાની જાણ થતા કુવા ઉપર દોડી ગયેલા ખેતર માલિકે જોયું તો પાઈપોનો આટલો મોટો જથ્થો એક સાથે કોઈક તસ્કરી ટોળકી ચોરી કરી ગઈ હતી. લગભગ ૧૫ હજાર મીટર પાઈપનો જથ્થો પટેલના કુવેથી કોઈ ચોરી ગયું હોવાની વાત ગામ પંથકમાં ફેલાતા જ લોકોમાં ભારે ચર્ચા જગાવી હતી. તલોદ પોલીસને ઘટનાની જાણ કરવામાં આવતા પી.એસ.આઈ. એ.વી. ટોળીયા ઘટતા સ્થળે પહોંચી ગયા હતા અને ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સોજા પ્રજાપતિ પરિવારનું ગૌરવ



લક્ષ્મીપુરા, તા.૧૩

ગુજરાત રાજય માધ્યમિક બોર્ડની પરીક્ષામાં કલોલ તાલુકાના સોજા ગામની એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલની વિદ્યાર્થીની ભૂમિકા ઘનશ્યામભાઈ પ્રજાપતિએ ૮૦ ટકા ગુણ પ્રાપ્ત કરી સમગ્ર શાળામાં સર્વપ્રથમ સ્થાન મેળવ્યું છે. શાળામાં પ્રથમ આવનાર ભૂમિકા પ્રજાપતિને શાળા પરિવારે અને ગ્રામજનોએ તથા પરિવારજનોએ અભિનંદન પાઠવ્યા છે.

## ગુલાબપુરાની કે.એમ. પટેલ શાળાનું ગૌરવ

ઈડરના ગુલાબપુરા ગામમાં આવેલી કે.એમ. પટેલ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. ચાલુ વર્ષે લેવાયેલી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ઈડર તાલુકાના ગુલાબપુરા ગામની કે.એમ. પટેલ હાઈસ્કૂલના ૨૨ વિદ્યાર્થીઓએ ૮૦ ટકા ઉપર ૧૮ વિદ્યાર્થીઓએ ૭૫ ટકા ઉપર અને ૩૨ વિદ્યાર્થીઓએ ૭૦ ટકા ઉપરાંતના ગુણાંક મેળવી સુંદર પરિણામ હાંસલ કર્યું હતું. શાળાનું ગૌરવ વધારવા બદલ જયચંદદાસ પટેલ, આચાર્ય ઈશ્વરભાઈ પટેલ સહિત સર્વેએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

# તલોદ તાલુકાની સુવિધાઓ પર તંત્રએ કાપ મુકતા લોકોમાં આક્રોશ

તલોદ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય વેપારીમથક અને તાલુકા મથક એવા તલોદ પ્રતિ સરકાર ઓરમાયું વર્તન દાખવતી હોય અને નેતાઓ પણ તલોદ સાથે અગમ્ય વ્યવહાર અખત્યાર કરતા હોવાનું તલોદની સુવિધાઓ પર ઉપરા ઉપરી કામ મુકવાની રસમ પરથી ફલિત થાય છે. તલોદની એન.સી.સી. ઓફિસ અને તલોદનો એસ.ટી. ડેપો જેવી સુવિધાઓ છીનવાઈ ગયા બાદ હવે સરકારે નર્મદાના પાણીથી હાથમતી ડેમ ભરવાની હાથમતી ગુહાઈ પાઈપ લાઈન યોજનાની કચેરીને તલોદથી હટાવી લઈ ગાંધીનગર ખસેડવાનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળેલ છે. આ કચેરીનો વહિવટી હવાલો ગાંધીનગર કચેરીને સોંપવાથી પંથકના ખેડૂતોને ભારે આપદાનો ભોગ બનવાનો વારો આવે તેમ છે. ખેડૂતોને સરકારના આ નિર્ણયથી પડતી મુશ્કેલીઓને ધ્યાને લઈ તાલુકા ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ રાજ્યના જળસંપત્તિ મંત્રી બાબુભાઈ બોખરીયાને એક પત્ર પાઠવી તલોદ ખાતેની કચેરીનો વહિવટ યથાવત રાખવા ભલામણ કરેલ છે.

સાબરકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ યોજનાની કચેરી જિલ્લાના વડા મથક હિંમતનગર ખાતે આવેલ છે તેને પણ હિંમતનગરથી પાલનપુર ખસેડવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો હોવાનું જાણવા મળેલ છે. તલોદની હાથમતી ગુહાઈ પાઈપ લાઈન યોજનાનો વહિવટી હવાલો ગાંધીનગર કચેરીને નહિ સોંપવા અને હિંમતનગર જળસંશાધન વિભાગની કચેરીને પણ પાલનપુર ન ખસેડવા તલોદ-પ્રાંતિજ તાલુકાના ધારાસભ્ય મહેન્દ્રસિંહ કે. બારૈયાએ જળસંપત્તિ વિભાગને લેખીત ભલામણ કરેલ છે. આ કચેરીઓ સાબરકાંઠા જિલ્લામાં આવેલ હોઈ જિલ્લાના ખેડૂતોને પાણીનો પિયાવો ભરવામાં તેમજ જરૂરી વહિવટ કામકાજ શારૂ અધિકારીઓનએ જાળવવામાં પણ સરળતા રહેતી હોય છે. કથિત નિર્ણય મુજબ આ બંને કચેરીઓને ગાંધીનગર અને પાલનપુર ખસેડવામાં આવશે તો, ખેડૂત પરિવારો નાહકના શારીરિક, માનસિક અને આર્થિક નુકશાનીનો બોજ વેઠવા મજબૂર બનશે. જિલ્લાની જે તે વિસ્તારમાં આવતી તમામ વિયત મંડળીના હોદ્દેદારો તેમજ ખેડૂતોએ ધારાસભ્યશ્રીને અને લાગતા વળગતા તંત્રને આવેદનપત્ર પણ પાઠવ્યું છે. લાગે છે કે તંત્ર વિશાળ ખેડૂત વર્ગની લાગણીની અવગણના કરશે તો, સંભવિત આપદાનો ભોગ બનનાર ખેડૂત આલમ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનનો આશરો લેવા મજબૂર બનશે.



**પ્રાંતિજ દૂધ મંડળીમાં ત્રિદિવસીય કાર્ય શિબિર યોજાઈ**

પ્રાંતિજ નજીક આવેલી સાબર ડેરીના ઉપક્રમે આજે પ્રાંતિજ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સભાખંડ ખાતે ત્રિદિવસીય ધ્યેય નિવારણ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દૂધ ઉત્પાદન અને તેના વેપારમાં પ્રગતિ થાય તે વિશે નિષ્ણાંતો દ્વારા માહિતી આપવામાં આવી હતી. પ્રાંતિજ દૂધ મંડળીના સભાખંડમાં યોજાયેલી આ ત્રિદિવસીય શિબિરમાં ભાવનાબેન પટેલ, તૃપ્તીબેન પટેલ, હંસાબેન પટેલ સહિતના નિષ્ણાંત આમંત્રિતોએ દૂધ ઉત્પાદનમાં પ્રગતિ થાય, પ્રામાણિકતા અને નિષ્ઠા સહિત દુધની ગુણવત્તા વિશે વિસ્તૃત માહિતી હાજર સભાસદોને આપી હતી. બાદમાં સાબરડેરીના ડેપ્યુટી જનરલ મેનેજર ડૉ. આર.એસ. પટેલના હસ્તે ૨૦૧૨-૧૩ના વર્ષમાં પ્રાંતિજ દૂધ મંડળીમાં વધુ કિંમતનું દૂધ ભરનાર સભાસદોને ઈનામો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ચેરમેન ચીનુભાઈ પટેલ, રામભાઈ પટેલ, રમેશભાઈ મિસ્ત્રી, રાજુભાઈ પટેલ તથા ભીખાજી મકવાણાએ ભારે જહેમત ઉઠાવી હતી. (તસવીર : સંજય રાવલ)

## ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામે તલાટીની અનિયમિતતાને પગલે નાગરિકો પરેશાન

લક્ષ્મીપુરા, તા.૧૩

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામે છેલ્લા ઘણા સમયથી તલાટી કમ મંત્રીની અનિયમિતતાને પગલે ગ્રામજનોને જરૂરી પુરાવા અને દાખલાઓ મેળવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને રોજ ગ્રામ પંચાયતે ધક્કા ખાવાનો વારો આવે છે આથી ગ્રામજનો ભારે રોષે ભરાયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામે છેલ્લા ઘણા વખતથી તલાટી પોતાની મનમરજી મુજબ આવે છે અને માત્ર એકાદ બે કલાક માટે કચેરીએ નજરે પડે છે. પરિણામે તલાટીની અવારનવારની ગેરહાજરીથી નાગરિકોને ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. હાલ શૈક્ષણિક સત્રની શરૂઆત થઈ છે ત્યારે ગામના વિદ્યાર્થીઓને આવકના દાખલા મેળવવા તથા અન્ય ઓફિશિયલ દાખલાઓ પર અનિયમિતતાને પગલે સહીઓ થતી નથી. વિદ્યાર્થીઓ રખડી પડે છે. તલાટીની બેજવાબદાર વૃત્તિ સામે તાલુકા કચેરીએ અનેક વખત રજુઆત કરવા છતાં તલાટી કે તાલુકાના અધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી અને આ બેજવાબદાર કર્મચારીઓને તાલુકા વિકાસ અધિકારી છાવરી રહ્યા હોવાની પણ બુમરાણ ઉઠવા પામી છે. ગ્રામજનોને અવારનવાર પડતી મુશ્કેલીને લઈ ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. અને પંચાયત કચેરીમાં તલાટી નિયમિત કચેરીમાં હાજર રહી નાગરિકોને તુરંત દાખલા મળે તેવી ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

**તલોદ**

| | | |
|---|---|---|
| મગફળી | ૭૫૧ | ૯૨૧ |
| એરંડા | ૬૯૬ | ૭૦૬ |
| ઘઉં | ૩૧૦ | ૪૦૬ |
| બાજરી | ૨૪૭ | ૨૯૧ |
| વરીયાળી | ૧૩૪૦ | ૧૫૨૧ |
| ગવાર | ૧૧૨૧ | ૧૨૩૬ |
| જીરૂ | ૧૭૫૦ | ૨૩૦૦ |

**સલાલ**

| | | |
|---|---|---|
| મગફળી | ૮૪૦ | ૯૩૨ |
| ઘઉં | ૩૦૦ | ૩૬૦ |
| બાજરી | ૨૫૦ | ૨૭૦ |
| ડાંગર જવા | ૩૦૦ | ૩૨૫ |
| ડાંગરગુજ | ૩૩૫ | ૩૬૫ |

**પ્રાંતિજ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૫ |
| બાજરી | ૨૪૦ | ૨૭૫ |
| ડાંગર ગુજ | ૩૩૫ | ૩૬૫ |
| ડાંગર જયા | ૩૦૦ | ૩૨૬ |

**ધનસુરા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૭૦ |
| બાજરી | ૨૬૦ | ૨૭૫ |
| વરીયાળી | ૧૧૫૦ | ૧૪૫૦ |
| ગવાર | ૧૧૫૦ | ૧૧૮૦ |

**ખેડબ્રહ્મા**

| | | |
|---|---|---|
| ઘઉંલોકવાન | ૩૦૮ | ૩૩૦ |
| ઘઉં૪૯૬ | ૩૧૫ | ૩૬૦ |
| મકાઈ | ૨૪૫ | ૩૦૦ |
| એરંડા | ૬૮૫ | ૬૯૮ |
| મગફળી | ૭૫૬ | ૮૧૪ |
| બાજરી | ૨૭૫ | ૨૮૫ |
| મગ | ૯૨૨ | ૧૦૬૦ |

**મોડાસા**

| | | |
|---|---|---|
| રાયડો | ૫૭૦ | ૬૬૫ |
| એરંડા | ૬૮૫ | ૭૦૨ |
| બાજરી | ૨૭૦ | ૩૦૨ |
| મકાઈ | ૨૬૦ | ૨૯૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૪ |
| મગફળી | ૭૦૦ | ૯૦૫ |
| ગવાર | ૧૧૦૦ | ૧૧૬૯ |
| જુવાર | ૩૭૫ | ૪૧૬ |
| ચણા | ૫૭૫ | ૮૩૧ |
| સોયાબીન | ૬૫૦ | ૭૦૦ |

**ટીંટોઈ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૨ |
| બાજરી | ૨૫૦ | ૨૬૭ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૬૬ |
| મગફળી | ૮૦૦ | ૮૯૦ |
| ગવાર | ૧૧૩૦ | ૧૧૬૦ |
| મગ | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ચણા | ૫૪૦ | ૫૭૦ |

**દહેગામ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૭૫ | ૨૯૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૩ |
| ડાંગર | ૨૬૫ | ૨૭૦ |
| એરંડા | ૬૯૪ | ૭૦૭ |
| ગવાર | ૧૧૮૫ | ૧૧૯૧ |
| મકાઈ | ૨૨૫ | ૨૮૫ |
| તુવેર | ૫૩૦ | ૬૬૫ |
| જુવાર | ૩૫૦ | ૩૯૯ |
| રાયડો | ૫૨૫ | ૫૭૦ |

**રખિયાલ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૭૨ | ૨૮૬ |
| ઘઉં | ૩૦૫ | ૩૪૦ |
| ડાંગર | ૨૬૦ | ૨૬૫ |
| એરંડા | ૬૯૨ | ૭૦૫ |
| ગવાર | ૧૧૮૦ | ૧૧૯૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૭૫ |
| તુવેર | ૫૨૫ | ૬૬૦ |
| જુવાર | ૩૨૫ | ૬૮૦ |
| રાયડો | ૫૨૦ | ૫૬૦ |

**હિંમતનગર**

| | | |
|---|---|---|
| મગફળી | ૭૭૬ | ૯૨૫ |
| એરંડા | ૭૦૦ | ૭૦૯ |
| મગ | ૧૦૦૦ | ૧૦૪૧ |
| ઘઉં | ૩૧૫ | ૩૮૫ |
| બાજરી | ૨૭૦ | ૨૮૪ |
| મકાઈ | ૨૭૦ | ૨૮૦ |
| ગવાર | ૧૨૦૦ | ૧૨૭૫ |

**કડી**

| | | |
|---|---|---|
| સવા | ૫૮૦ | ૬૮૪ |
| ઘઉં | ૨૯૨ | ૩૮૧ |
| જુવાર | ૨૯૧ | ૩૪૧ |
| ડાંગર | ૨૯૦ | ૩૮૦ |
| બાજરી | ૨૫૯ | ૨૮૦ |
| બંટી | ૪૧૯ | ૪૩૮ |
| જવ | ૨૩૦ | ૨૪૧ |
| ગવાર | ૧૧૯૧ | ૧૨૩૩ |
| એરંડા | ૬૮૦ | ૬૮૭ |
| રાયડો | ૫૯૫ | ૬૧૦ |
| જીરૂ | ૧૯૯૦ | ૨૪૭૧ |
| તલ | ૧૮૦૦ | ૨૦૩૧ |

**પાલનપુર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૪૨૧ |
| બાજરી | ૨૬૨ | ૨૯૫ |
| એરંડા | ૬૭૫ | ૭૦૦ |
| રાયડો | ૬૨૧ | ૬૪૨ |
| રાજગરો | ૮૦૦ | ૧૦૨૦ |
| જુવાર | ૫૧૩ | ૬૨૦ |
| મગફળી | ૭૦૦ | ૯૧૧ |
| ગવાર | ૧૧૮૦ | ૧૨૬૪ |

**સિદ્ધપુર**

| | | |
|---|---|---|
| મેથી | ૪૮૩ | - |
| રાજગરો | ૯૭૦ | ૯૯૩ |
| જવ | ૨૪૦ | - |
| રાયડો | ૬૦૦ | ૬૫૨ |
| એરંડા | ૬૯૮ | ૭૦૭ |
| ગવાર | ૧૦૬૦ | ૧૨૬૦ |
| ઘઉં | ૨૭૭ | ૪૪૦ |
| બાજરી | ૨૫૬ | ૩૦૩ |
| જુવાર | ૩૦૦ | ૫૫૦ |
| જીરૂ | ૨૩૮૦ | - |

**વિસનગર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૪૧૫ |
| બાજરી | ૨૨૦ | ૨૯૨ |
| રાયડો | ૫૫૫ | ૬૪૧ |
| જુવાર | ૩૦૦ | ૫૭૧ |
| તલ | ૧૭૦૦ | ૧૯૫૫ |
| જવ | ૨૬૦ | ૨૬૬ |
| મેથી | ૫૨૫ | - |
| ગવાર | ૧૧૫૨ | ૧૨૫૧ |
| રાજકાના બી | ૧૫૦૦ | ૨૭૧૫ |

**મહેસાણા**

| | | |
|---|---|---|
| જુવાર | ૩૮૯ | ૪૭૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૯૫ |
| જીરૂ | ૧૮૦૧ | ૨૪૦૦ |
| રાયડો | ૫૦૦ | ૬૨૦ |
| રાયડો | ૬૭૫ | ૬૯૨ |
| સવા | ૬૩૫ | ૭૫૧ |
| બાજરી | ૨૫૪ | ૨૭૯ |
| મેથી | ૫૨૭ | ૫૩૪ |
| અજમો | ૪૦૦ | ૧૩૧૧ |
| ગવાર | ૧૧૪૫ | ૧૧૮૦ |
| રાજકાળી | ૧૦૦૦ | ૨૭૨૧ |

**આંબલીયાસણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૮૦ |
| બાજરી | ૨૫૦ | ૨૭૪ |
| રાયડો | ૬૧૦ | ૬૨૩ |
| એરંડા | ૬૮૨ | ૬૮૪ |
| ગવાર | ૧૨૦૬ | ૧૨૨૨ |
| જુવાર | ૩૧૭ | ૩૬૬ |

**જોટાણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૭ | ૩૫૫ |
| એરંડા | ૬૭૭ | ૨૮૦ |
| રાયડો | ૬૦૦ | ૬૨૯ |
| બાજરી | ૨૦૫ | ૨૫૮ |
| ગવાર | ૧૧૫૮ | ૧૧૭૫ |
| જુવાર | ૩૯૨ | - |
| જવ | ૨૫૩ | - |

**હારીજ**

| | | |
|---|---|---|
| મેથી | ૩૮૦ | ૪૦૪ |
| રાયડો | ૬૦૦ | ૬૪૦ |
| એરંડા | ૬૭૦ | ૬૯૧ |
| સાસટો | ૩૦૦ | ૩૫૨ |
| બાજરી | ૨૪૫ | ૨૮૮ |
| ઘઉં | ૩૫૦ | ૪૨૬ |
| ગવાર | ૧૧૫૦ | ૧૨૧૬ |
| ચણા | ૫૫૦ | ૬૨૭ |
| જીરૂ | ૨૦૨૫ | ૨૪૯૦ |
| સવા | ૫૯૦ | ૬૬૦ |

**કલોલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૭૦ |
| એરંડા | ૬૮૦ | ૬૮૫ |
| બાજરી | ૨૪૬ | ૨૭૫ |
| રાયડો | ૬૦૦ | ૬૦૯ |
| ડાંગર | ૨૬૦ | ૩૬૦ |
| ગવાર | ૧૧૫૨ | ૧૧૮૫ |
| જુવાર | ૩૮૦ | ૪૮૪ |
| જવ | ૨૪૫ | ૨૫૨ |

**બાયડ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૮૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૫૫ | ૨૭૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૭૦ |
| ગવાર | ૧૦૫૦ | ૧૧૫૦ |

**પાટણ**

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૫૦ | ૨૪૪૨ |
| વરીયાળી | ૭૫૦ | ૧૩૨૦ |
| બંટી | ૪૦૫ | ૪૦૮ |
| રાયડો | ૫૯૦ | ૬૬૩ |
| એરંડા | ૬૬૦ | ૭૦૮ |
| ઘઉં | ૩૦૦ | ૪૬૬ |
| જુવાર | ૨૮૦ | ૪૨૨ |
| બાજરી | ૨૫૦ | ૨૯૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૨૩૨ |
| મેથી | ૪૧૭ | ૫૮૦ |
| સવા | ૬૧૧ | ૭૨૯ |

**ઊંઝા**

| | | |
|---|---|---|
| અસાળીયો | ૬૭૧ | - |
| જીરૂ | ૧૯૫૦ | ૨૭૬૮ |
| વરીયાળી | ૮૯૫ | ૨૨૬૮ |
| ઈસબગુલ | ૭૦૦ | ૧૫૨૨ |
| સરસવ | ૭૦૫ | - |
| રાયડો | ૬૧૦ | ૬૭૪ |
| તલ | ૨૧૦૩ | ૨૧૮૧ |
| સવા | ૬૯૧ | - |
| અજમો | ૮૮૦ | - |